અપીલ અરજી નં.૧૨ તા.૯–૪–૦૯/૧૦

અરજદારઃ શ્રી સુબોધચંદ્ર ઘેલાભાઈ દેસાઈ
સામાવાળાઃ (૧)ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી,
(૨)ડે.કમિશનર (સ્પે.) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુબોધચંદ્ર ઘેલાભાઈ દેસાઈની આઈ ડી નં.૨૪૭ તા.૫–૧–૦૯ ની અરજીથી વિધાવિહાર સોસાયટીના રહીશોની રસ્તાની જમીનનું ગેરકાયદેસર દબાણ બાબતની મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૯–૪–'૦૯ ની અપીલ અરજી નં.૧૨/૨૦૦૯–૧૦

શ્રી સુબોધચંદ્ર ઘેલાભાઈ દેસાઈની આઈ ડી.નં.૨૪૭ તા.૫–૧–૦૯ ની અરજીથી વિધાવિહાર સોસાયટીના રહીશોની રસ્તાની જમીનનું ગેરકાયદેસર દબાણ બાબતનીમુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબતે અછડતા જવાબો, તથા કેટલાક મુદ્દાઓના જવાબો આપવામાં આવેલ નથી તેમજ નકારાત્મક જવાબો તથા મૂળભૂત પ્રશ્નોના કોઈ પ્રતિતીજનક જવાબો રજૂ કરવામાં આવ્યા નથી તેવા મળેલ પ્ર તિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૭ તા.૨૩–૪–૦૯થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી, તથા ડે.કમિશનર (સ્પે.) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)તેમજ અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીની નકલ તથા અરજી ફી ભર્યાની પહોંચ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટીપીડી/આ/૫૧૩ તા.૪–૫–૦૯ થી પૂરક માહિતી પુરી પાડવામાં આવેલ. જયારે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી પુરી પાડવામાં આવેલ નથી. અરજદાર ના તા.૪–૫–૦૯ના પત્રથી માહિતી પુરી પાડેલ જેમાં મુળ અરજીની નકલ રજુ કરેલ નથી. તેમજ ફી અંગે નોન જયુડીશીયલ સ્ટેમ્પ રૂા.૨૦/– નો ચોંટાડેલ હોવાનું જણાવેલ. સાથે અરજદારે અપીલ સાથે બન્ને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપેલ માહિતી પત્રો અનુક્ર મે તા.૩–૨–૦૯ તથા ૧૨–૩–૦૯ ના પત્રોની નકલો રજુ કરેલ.

અરજદારની મુળ અરજી આઈ ડી નં.૨૪૭ તા.૫–૧–૦૯ ની અરજીથી વિધાવિહાર સોસાયટીના રહીશોની રસ્તાની જમીનનું ગેરકાયદેસર દબાણ બાબતની મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી માંગેલ. જેમાં મુદ્દા નં.૩ અને ૫ ની માહિતી માટે કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી અઠવાઝોનના પત્ર નં.સાવે.(અઠવા)ઝોન/આરટીઆઈ/૪૫૫ તા.૨૨–૧–૦૯ થી ટાઉન પ્લાનરશ્રી ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અંગે તેઓ તરફથી પત્ર નં.ટીપીડી/આ/૭૧૧૮ તા.૩–૨–૦૯થી માહિતી પુરી પાડવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૩ માં વિદ્યા વિહાર સોસાયટીના પ્લોટમાંથી જમીન સંપાદન ધારા હેઠળ કોઈપણ જમીન સંપાદીત કરવામાં આવેલ નથી. તેમજ તેની સામે સ્થળ બદલામાં કોઈ જમીન સોસાયટીને આપવામાં આવેલ નથી. તેવી તથા મુદ્દા નં.૫ માં ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૯ (મજુરા) માં સદર રસ્તા અન્વયે ટી.પી. સ્કીમમાં વેરીએશન કરવામાં આવેલ નથી. એવી માહિતી પુરી પાડેલ છે. જયારે બાકીના મુદ્દા નં.૧થીર ,૪ તથા ૬ થી ૯ની માહિતી કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ના પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/૫૯૬ તા.૧૨–૩–૦૯ થી આપેલ હોવાનું જણાય છે. જેમાં મુદ્દા નં.૧ રામચોક,ઘોડદોડથી ભટાર ચાર રસ્તા જતાં રસ્તામાંથી નીકળી ન્યુ લાઈફ હોસ્પિટલ થઈને ગોકાણી હોસ્પિટલ થઈને જનતા નગર,શિવાજી પાર્ક, વિદ્યાવિહાર થઈને પરિક્ષિત નગર સોસાયટી જતાં રસ્તાઓ ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૯ (મજુરા) માં મંજુર કરવામાં આવેલ છે. મુદ્દા નં.૪ રસ્તાનું નિર્માણ કયારે થયું તે અત્રેની કચેરીએ રેકર્ડ ઉપલબ્ધ નથી. મુદ્દા નં.૬ શિવાજી પાર્કથી પાર્ક પોઈન્ટના એપાર્ટમેન્ટ તથા વિદ્યાવિહારના રહીશોને સુરત મહાનગરપાલિકા તરફથી ટી.પી.રોડ પૈકીની જમીન ફળવવામાં આવેલ નથી. મુદ્દા નં.૭ કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. મુદ્દા નં.૮ પોલ ખસેડવા કોઈ સૂચના આપવામાં આવેલ નથી. ખર્ચ કરેલ નથી. તેમજ મુદ્દા નં.૯ રેકર્ડ ચકાસતાં ઓફિસ નોંધ કે પત્ર વ્યવહાર વિગત અત્રે ઉપસ્થિત નથી. એવી માહિતી પુરી પાડેલ છે. અરજદારે તા.૪–૫–૦૯ ના પત્રથી આપેલ માહિતીમાં ફી અંગે રૂા.૨૦/– નોન જયુડીશીયલ ચોંટાડયાનું જણાવેલ જયારે નમુના –ક ની અરજીમાં કોર્ટ ફી સ્ટેમ્પ ચોટાડેલ હોવાનું જણાય છે. બન્ને જાહેર માહિતી અધિકારી તરફથી પણ આરટીઆઈ નિયમ ૩(૧) તથા નિયમ ૫ અન્વયે ઠરાવેલ પ્રકાર રોકડ,પે–ઓર્ડર અથવા નોન જયુડીશીયલ સ્ટેમ્પ પૈકી ફી કાયદાની કલમ ૬(૧) હેઠળઅરજીની ફી વસુલ લીધા હોવાની માહિતી મોકલવામાં આવી નથી. તે ધ્યાને લેતાં અરજી ફી વિનાની અરજી ગણવાપાત્ર થાય અને કલમ ૬(૭) હેઠળની આદેશાત્મક જોગવાઈ ધ્યાને લેતાં વિધિસરની અરજી ગણાય નહીં. અરજદારે અપીલ અરજીમાં અનુમાનિત સુચનો કરવામાં આવેલ છે. જે હાલના તબકકે મુળ અરજી ફી ઠરાવેલ હીતની ફી વિનાની હોઈ કાર્યવાહીને પાત્ર રહે નહીં.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૫–૧–૦૯ ની ઠરાવેલ અને નિયત ફી વિનાની મુળ અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોન કક્ષાએથી આંશિક તબદીલ થયેલ તથા આંશિક માહિતી પુરી પાડેલ છે જે અંગે મૂકરર ફી ની રકમ ઠરાવેલ પ્રકાર પૈકી વસુલ લઈ અરજી ફી ભરપાઈ કર્યાબાદ અરજદારની અરજી અન્વયે ઘટતી અનુષંગિક કાર્યવાહી કરી અત્રે જાણ કરવા જાહેર માહિતી અધિકારી સાઉથ વેસ્ટ ઝોન (અઠવા) અને ડે.કમિશનર(સ્પે.)ને જણાવવામાં આવે છે. અરજદારની અપીલ અરજી ઉપરોકત હકીકતે હાલના તબકકે દફતરે કરવામાં આવે છે. નારાજગીના કિસ્સામાં અરજી ફી ભરપાઈ કર્યાબાદ કલમ–૧૯(૧) હેઠળની સમય અવધિમાં અરજદાર અપીલ કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ,/ડે.કમિશ્નર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)..જાણ માટે.

(૨) શ્રી સુબોધચંદ્ર ઘેલાભાઈ દેસાઈ,૭, વિદ્યાવિહાર સોસાયટી, જમનાનગર પાસે,ઘોડદોડ રોડ, સુરત..તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ